સોસાયટીનો ૬૩ મો વાર્ષિક અહેવાલ અને રીપોર્ટ

અસ્સલામુ અલયકુમ (વ.વ.)

દેશ પરદેશથી પધારેલા મહેમાનો, સોસાયટીના હિતેચ્છુઓ, સખીદાતાઓ, કાર્યકર્તાઓ, વડીલો અને મિત્રો

૧૬૫ ગામોના વહોરાઓ દ્વારા સ્થપાયેલી, વહોરા દ્વારા ચાલતી અને વહોરા સમાજના શિક્ષણની પ્રગતિની સાથે મુસ્લિમ સમાજના પણ શિક્ષણની પ્રગતિ માટેની આપણી આ ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સુરતનો ૬૩મો વાર્ષિક અહેવાલ આપ સમક્ષ રજૂ કરતા ગૌરવની લાગણી અનુભવી રહયા છીએ.

આપણી સુરતી સુન્ની વહોરા કૌમ દ્વારા ૧૯૪૭માં સ્થપાયેલી આપણી માય એ નાઝ એક માત્ર શૈક્ષણિક સંસ્થા ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી છેલ્લાં ૬૩ વર્ષથી શૈક્ષણિક, સામાજીક અને સેવાકીય ક્ષેત્રે સતત સેવા કરી રહી છે. આજના યુગમાં સમાજ સેવા અને શૈક્ષણિક વિકાસના ક્ષેત્રો ડગલેને પગલે વધી રહ્યા છે એની સાથે શિક્ષણ પણ દિવસે-દિવસે મોંઘું થઈ રહ્યું છે. જેથી મદદ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થતો રહે છે. છતાં પણ છેલ્લા ૬૩ વર્ષથી આપણી ધી સુરતી સુન્ની વહોરા સમાજની આ સંસ્થા તેના દુરંદેશ સ્થાપકો, સંચાલકો, સહાયકો, કાર્યકરો, દેશ પરદેશમાં પથરાયેલા આપણા સખીદાતાઓ, ટેકેદારો, શુભેચ્છકો અને એના પાયામાં રહેલો આપણો સમસ્ત સમાજ અભિનંદનનો અધિકારી છે. અને તેમની નિષ્ઠા તથા પ્રતિબધ્ધતાના પ્રતાપે આ કસોટીમાંથી પસાર થઈને દિવસે દિવસે વધુને વધુ ઘટાદાર વટવૃક્ષ બનીને બહાર આવી રહ્યું છે.

આપણી સોસાયટીની પ્રવૃત્તિઓની ઝલક

સ્કોલરશીપ :- આપણા સમાજના વિદ્યાર્થીઓ આર્થિક કારણોસર શિક્ષણથી વંચિત ન રહી જાય, પાયાનું શિક્ષણ મજબૂત થાય અને વિદ્યાર્થીઓમાં શિક્ષણની ટકાવારી વધે એ હેતુથી સોસાયટી સતત ૬૩ વર્ષથી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, કોલેજ, ટેકનીકલ અને આઈ.ટી.આઈ. માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી રહી છે. તથા હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ મર્યાદામાં રહી હોસ્ટેલ ફી, ભોજન બીલ આપે છે. એટલું જ નહીં હાયર એજ્યુકેશન જેવા કે **એન્જીનીયરીંગ, ફાર્મસી, હોટલ મેનેજમેન્ટ, એમ.બી.એ., એમ.સી.એ., બી.એડ, પી.ટી.સી.** અને **મેડીકલ** ના વિદ્યાર્થીઓને રૂા. ૧ લાખ સુધીની મર્યાદામાં સ્કોલરશીપ આપે છે સાથે સાથે ૭૦ ટકાથી વધુ માર્કસે પાસ થનાર ૧૧, ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને પણ ખાનગી ટયુશન ફી નિયમ મુજબ આપે છે. એ સિવાય કૌમના ઓછુ ભણેલા વિદ્યાર્થીઓને સમાજમાં માનભેર જીવવાના શુભ આશયથી ટેલરીંગ, ડ્રાઈવીંગ અને ટેકનીકલ કોર્ષો શિખવીને સહાય કરવામાં આવે છે.

તબિબિ સહાય :- આપણી સોસાયટી શૈક્ષણિક સહાયની સાથે સાથે આપણા સમાજના ગરીબ લોકો પૈસાના અભાવે તબિબિ સારવારથી વંચિત ન રહી જાય એ માટે બિમાર દર્દીઓને દવા અને હોસ્પિટલનું બિલ ચૂકવી સહાય કરી રહી છે. આ સહાય નિયમ મુજબ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં જ આપવામાં આવે છે.

આ સિવાય ગંભીર બિમારીઓ જેવી કે બાયપાસ (હૃદય) વાલ્વ વિગેરેમાં દર્દી દીઠ રૂા. ૨૦,૦૦૦/- ની મર્યાદામાં મદદ કરવામાં આવે છે. ગયા વર્ષે તબિબિ સહાયમાં કુલ **૧૯૦** દર્દીઓને રૂા. **૫,૧૨,૭૫૮/-** ની સહાય કરવામાં આવી છે.

વિધવા સહાય :- આપણા સમાજની ગરીબ, નિરાધાર વિધવા બહેનોને સોસાયટી માંથી વાર્ષિક સહાય આપવામાં આવે છે. ગયા વરસે રૂા. ૨૦૦૦/- લેખે કુલ ૬૯૬ વિધવા બહેનોને **૧૩,૯૨,૫૦૦/-** ની મદદ કરવામાં આવી છે તથા જો કોઈ વિધવા બહેન ટેલરીંગ જાણતી હોય તો તેને ટેલરીંગ મશીન મોટર સાથે આપીને પગભર કરવામાં આવે છે. પરંતુ નિયમ મુજબ ત્યાર પછી વિધવા સહાય મળતી નથી.

આમ ગયા વર્ષે સોસાયટીએ કુલ **૩૭૫૨** લાભાર્થીઓને વિવિધક્ષેત્રે રૂા. **૭૮,૪૦,૪૧૪/-** ની મદદ આપી છે.

સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષ દરમ્યાન સોસાયટીએ આપેલ સ્કોલરશીપનો ચાર્ટ

વિભાગ	વિદ્યાર્થીઓની સંખ્યા	આપેલ સ્કોલરશીપ
પ્રાથમિક સ્કોલરશીપ	૧૪૨૯	૧૫,૦૬,૫૭૦-૦૦
માધ્યમિક સ્કોલરશીપ	૮૨૫	૧૧,૦૪,૩૬૦-૦૦
કોલેજ સ્કોલરશીપ	૩૬૧	૨૯,૪૩,૪૭૦-૦૦
ડ્રાઈવીંગ, ટેલરીંગ, ટેકનીકલ સ્કોલરશીપ	૭	૧૧,૩૮૦-૦૦
દિનીયાત સ્કોલરશીપ	૨૭૪	૩,૬૯,૦૭૬-૦૦
તબિબિ સહાય	૧૯૦	૫,૧૨,૭૫૮-૦૦
વિધવા સહાય	૬૯૬	૧૩,૯૨,૫૦૦-૦૦
કુલ	**૩૭૮૨**	**૭૮,૪૦,૪૧૪-૦૦**

એ.વાય.ડી. ટેકનીકલ ઈન્સ્ટીટયુટ :- આપ સૌ જાણો જ છો કે કોલેજ માટે પ્રથમ જગ્યાનું દાન આપનારા મર્હુમ ડો. જી.આઈ. મોતાલા સા. અને ફેમિલી છે. સોસાયટીની મેનેજીંગ કમિટી તથા બોર્ડ ઓફ કાઉન્સીલે નિર્ણય લઈ આપણી કોલેજના કેમ્પસનું નામ **ડો. જી.આઈ. મોતાલા ટેકનીકલ કેમ્પસ** રાખ્યું છે.

ઓગષ્ટ ૨૦૦૮ થી શરૂ કરેલ આપણી કોલેજમાં ચાર ટ્રેડ પૈકી (૧) મિકેનીકલ (૨) ઈલેકટ્રીકલ (૩) ઈલેકટ્રોનીક એન્ડ કોમ્યુનીકેશન (૪) સીવીલ એન્જીનીયરીંગના ચાર કોર્ષ શરૂ થયા હતા બીજા વર્ષમાં મેકેનીકલ ટ્રેડમાં વધારાનો ટ્રેડ તથા કોમ્પ્યુટર એન્જીનીયરનો નવો ટ્રેડ શરૂ કર્યો હતો આમ કુલ પાંચ ટ્રેડ ચાલી રહ્યા છે. હાલ કોલેજમાં કુલ લગભગ **૮૫૦** વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. જેમાં કુલ **૧૬૦** મુસ્લિમ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. અલ્હમદુલિલ્લાહ આપણી કોલેજે ચોથા સેમીસ્ટરના રીઝલ્ટમાં ગુજરાતની ૭૫ કોલેજમાંથી બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે જે આપણા માટે ગર્વની બાબત છે એટલું જ નહી ગયા વર્ષે ઘણી કોલેજોમાં સીટો ખાલી રહી ગઈ હતી. છતાં અલ્લાહના ફઝલો કરમથી આપણી કોલેજની તમામ સીટો ભરાઈ ગઈ હતી. આપણી એ.વાય.ડી. કોલેજે ખુબ જ ટૂંકાગાળામાં જે પ્રગતિ કરી છે. તેનો યશ આપણી કોલેજના નિષ્ઠાવાન પ્રિન્સીપાલ એમ.એચ. દાલચાવલ સા. તથા એમના સ્ટાફને આભારી છે.

હાલ બાકી રહેલી બિલ્ડીંગો પૈકી કેન્ટીનનું કામ પુરૂ થવાને આરે છે. જયારે એડમીનીસ્ટ્રેશન બિલ્ડીંગની પાયાવિધી આજે થઈ રહી છે. એ સિવાય પ્રોજેકટમાં એક વોટર વર્કસ પણ બનાવવાનું બાકી છે. હમો દેશ-વિદેશના આપણા સખી સદ્‌ગૃહસ્થોને નમ્ર અપીલ કરી રહયા છીએ કે એઓ આ બાકી પ્રોજેકટને પુરૂ કરવામાં દિલખોલીને દાન આપે.

વહોરા સમાચાર :- આપણી કૌમનું આ મુખપત્ર છેલ્લાં ૬૦ વર્ષથી કૌમની સતત સેવા કરી રહી છે. સાથે વાંચકોની માંગને અનુસરીને અંગ્રેજી વિભાગ પણ શરૂ કર્યો છે. વરસો વરસ ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા તરફથી એરમેલ ચાર્જમાં ઘણો વધારો થયો હોવાથી લવાજમમાં ના છૂટકે વધારો કરવો પડે છે. છતાં બીજા પેપરોની સરખામણીમાં આપણું લવાજમ ઓછું છે. આ પેપર દેશ પરદેશમાં ઘરે ઘરે પહોંચે અને વંચાય એવા પ્રયત્નો કરવા અપીલ કરી રહયા છીએ.

અન્ય પ્રવૃત્તિઓ :- આપણી વહોરા સોસાયટી કોંટ મુકામે ધોરણ-૫ થી ૧૦ માટે એક રેસી. સ્કુલ, બે હોસ્ટેલ, ખોલવડ મુકામે હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓ માટે એક હોસ્ટેલ, ભટ્ટાઈ મુકામે ધો-૫ થી કોલેજના વિદ્યાર્થીઓ માટે એક હોસ્ટેલ, સુરત રામપુરા ખાતે ગર્વમેન્ટ આઈ.ટી.આઈ. અને કોસંબા મુકામે પોલીટેકનીક કોલેજ ચલાવી રહી છે. શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન તથા ઉત્સાહ માટે મેડલો અને રોકડ પુરસ્કારો પણ એનાયત કરવામાં આવે છે.

ઈન્તેકાલે પુરમલાલ :- સોસાયટીના દેશ-વિદેશના હિતેચ્છુઓ, હમદર્દો, સખીદાતાઓ જેઓનો ચાલુ વર્ષ દરમ્યાન ઈન્તેકાલ થઈ ગયો છે તે સર્વે નામી-અનામી મર્હુમોને અલ્લાહપાક ગરીકે રહેમત કરે અને જન્નતુલ ફિરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. આમીન.

અને અંતમાં :- સોસાયટીના કાર્યમાં મને માર્ગદર્શન પુરૂ પાડી હિમ્મત અફઝાઈ કરનારા મારા તમામ સહ કાર્યકરો, સોસાયટીના વિશાળ બજેટને પહોંચી વળવા આપણા દેશના ભાઈઓ તથા પરદેશ ખાતે કેનેડા, ઈંગ્લેન્ડ, અમેરિકા, સા.આફ્રિકા, પનામા, જર્મની, પેરિસ, બાર્બાડોઝ વિગેરેના દેશમાં વસતા આપણા ભાઈઓ, નામી-અનામી દાતાઓ, શુભેચ્છકો, માનદ્ કાર્યકરો તથા સોસાયટી સંચાલિત તમામ સંસ્થાઓના કર્મચારી મિત્રો અને સ્થાનિક કમિટીના સભ્યો સહિત તમામ સાહેબોનો શુક્રીયાહ અદા કરૂં છું અને ઉમ્મીદ રાખુ છું કે કૌમની માયએ નાઝ આપણી આ વહોરા સોસાયટીની પ્રવૃત્તિમાં હંમેશા આપ સાહેબોનો સાથ-સહકાર મળતો રહેશે. **જઝાકુમુલ્લાહ.**

અલ્લાહ પાક સૌને એનો બહેતરીન બદલો બન્ને જહાંનમાં અતા ફરમાવે. **આમીન.**